નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની કૃષિ સંશોધન નોર્મલ ચાલુ પ્લાન યોજનાના જુનિયર રીસર્ચ ફેલોના પગારમાં સુધારો કરવા બાબત.

◈ જાહેરનામુ નં. ૮૦૬/૨૦૨૨ ◈

આથી સંબંધકર્તા સર્વેને જણાવવામાં આવે છે કે **તા.૧.૨.૨૦૨૨**ના રોજ નવસારી કૃષિ યુનિવર્સિટીના સંચાલક મંડળની **છેતાલીસમી** બેઠકના કાર્યનોધના **મુદ્દા નં.૪૬.૨૯**થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે સ્ટ્રેંધનીંગ રિસર્ચ ઈન બાયોલોજીકલ કંટ્રોલ ઓફ ક્રોપ પેસ્ટ બ.સ. ૧૨૯૪૭ સ્ટ્રેંધનીંગ ઓફ ફૂડ ક્વોલિટી ટેસ્ટિંગ લેબોરેટરી, નવસારી બ.સ.૧૨૦૨૪ અને રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઈન ફ્રૂટ ક્રોપ્સ, નવસારી બ.સ. ૧૨૦૨૫ યોજનાઓમાં ફરજ બજાવતાં જુનિયર રિસર્ચ ફેલોને તેમની લાયકાતને ધ્યાને લીધા વગર તારીખ ૧/૧/૨૦૧૯ થી રૂપિયા ૩૧૦૦૦/-પ્રતિ માસ પ્રથમ અને બીજા વર્ષ દરમ્યાન અને રૂપિયા ૩૫૦૦૦/-પ્રતિ માસ ત્રીજા વર્ષ દરમ્યાનના પગાર લાગુ પાડવા માટે સંચાલક મંડળ મંજુરી આપે છે. આ યોજનાઓ સિવાય જે કોઈ પ્લાન યોજનાઓમાં જુનિયર રિસર્ચ ફેલોના પગાર, ફિક્સ પગાર જણાવેલ હોય તો તે યોજનાના **Principal Investigator** દ્વારા કુલસચિવશ્રીને આધાર પુરાવા સાથે લેખિત રજૂઆત કરવાની રહેશે જેના આધારે નામદાર ગુજરાત સરકારશ્રીમાં કુલસચિવ, ન.કૃ.યુ, નવસારી રજુઆત કરશે અને નામદાર ગુજરાત સરકારશ્રીમાંથી સુધારો આવ્યા બાદ સદરહુ યોજનાઓમાં જુનિયર રિસર્ચ ફેલોના તારીખ ૧/૧/૨૦૧૯ થી ઉપર મુજબના પગાર અમલમાં આવશે જેને સંચાલક મંડળ દ્વારા મંજૂરી આપવામાં આવે છે. જુનિયર રીસર્ચ ફેલોની જગ્યા નવેસરથી ભરવાની થાય અને જાહેરાત આપવાની થાય ત્યારે **ICAR ના Office Memorandum**માં દર્શાવેલ લાયકાત મુજબ ભરતી અંગેની કાર્યવાહી કરવાની રહેશે. વર્ષ ૨૦૨૨-૨૩ અને ત્યારબાદ પ્લાન યોજના નામ.સરકારશ્રીમાં રજુ કરવાની થાય ત્યારે જે તે યોજનાના **Principal Investigator** તથા આયોજન શાખાએ જુનિયર રીસર્ચ ફેલોના સુધારેલ દરો રજુ કરવાના રહેશે".

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

જા.નં. નકૃયુ/૨૭/સં.મં.શાખા/૪૬.૨૯/૨૨૧૯-૮૯/૨૦૨૨
નવસારી તા.૧૧.૩.૨૦૨૨

નકલ સવિનય રવાના:-

૧ નવસારી કૃષિ યુનિવર્સિટી સંચાલક મંડળના તમામ સભ્યોશ્રીઓ તરફ
૨ નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ
૩ નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કોલેજના ડીનશ્રીઓ /આચાર્યશ્રીઓ તરફ
૪ નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ

નકલ રવાના:-

૧ માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ સારુ.